# Career Counselling and Development Centre
## SAURASHTRA UNIVERSITY
104, 1st Floor, Academic Centre, B/h. Central Bank of India.
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281 - 2587144, ccdcsauni@yahoo.co.in

CCDC

Re-Accredited
Grade B by N A A C
(CGPA 2.93)

*Co-ordinator*
**Dr. Nikesh A. Shah**


Ref. :
Date : 06/05/2014

## <u>પ્રેસનોટ</u>

**કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા BANK PO પરીક્ષા માટેના તાલીમ વર્ગોનું આયોજન.... ૧૯ મી મે થી શરૂ કરાશે..... ૧૨૦ કલાકની તાલીમનું આયોજન....**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) રોજગાર લક્ષી ટ્રેનિંગ માટે વિવિધ તાલીમ અવારનવાર આયોજન કરે છે. દર વર્ષે ૨ તાલીમ વર્ગો UPSC/GPSC માટે શનિવાર તથા રવિવાર ૪ કલાક રેગ્યુલર બેઇઝસ પર ચલાવવામાં આવે છે. તાજેતરમાં યોજનારી ગુજરાત હાઇકોર્ટ મદદનીશ જૂનિયર કલાર્ક પરીક્ષા માટેની તાલીમમાં ૧૦૦ વિદ્યાર્થીઓ દરરોજ ચાર કલાક તાલીમ મેળવી રહ્યા છે. તેની સાથે બેકિંગ તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સમયાંતરે ટ્રેનીગ પ્રોગ્રામ નું આયોજન નિયમિત કરવામાં આવે છે.

બેંકિંગ બેચની પરીક્ષાઓ SBI PO તથા IBPS પરીક્ષાઓ નિયમિત આયોજીત થતી હોય છે ત્યારે વિદ્યાર્થીઓ આગવી તથા સફળતાપૂર્વક તૈયારી કરી સારૂ પરિણામ લાવી શકે તે ધ્યાન ઉપર લઇ સી.સી.ડી.સી. દ્વારા તા.૧૯-૦૫-૨૦૧૪ સોમવાર થી સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ (દરરોજ બે કલાક) તાલીમ વર્ગનું આયોજન કરાયેલ છે. આ વર્ગમાં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓ એ તા.૧૫-૦૫-૨૦૧૪ સુધી તેમનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોય વહેલા તે પહેલાનાં ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં Reasoning, English Language, Quantitative Aptitude, General Awareness, Computer Knowledge વગેરે વિષયોનું નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ તાલીમ વર્ગોમાં જોડાવા ઇચ્છતા વિદ્યાર્થીઓ તા.૧૫-૦૫-૨૦૧૪ સુધીમાં અરજીપત્રક મેળવી અને જમા કરાવવાનું રહેશે. આ વર્ગો અંગે ની વધુ માહિતી માટે કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) ૧૦૪, એકેડેમીક સેન્ટર, પહેલો માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ ફોન નં: ૦૨૮૧-૨૫૮૭૧૪૪ પર સંપર્ક કરવા યાદી માં જણાવાયેલ છે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નિકેશ શાહ

(ડૉ. એન.એ.શાહ)
Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)